# આવો નવરાત્રીને સાચા અર્થમાં ઉજવીએ

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ (નડીઆદ) ; (મો) 9825892



શરદઋતુના આગમન સાથે સમગ્ર ભારતવર્ષમાં નવ દિવસ માટે નવરાત્રીના પવિત્ર પર્વની અનેક રીતે ઉજવણી થાય છે. આ પર્વ દરમ્યાન વિશેષ દેવીઓની આરાધનાનો મહિમા છે. જગતજનની શક્તિ સ્વરૂપા જગદંબા, જ્ઞાનની દેવી શ્રી સરસ્વતી તેમજ ધન-સંપદાની દેવી શ્રી લક્ષ્મીની ઉપાસનનું આ પર્વમાં વિશેષ મહત્વ છે. તેમાં પણ શિવશક્તિ સ્વરૂપ મા દુર્ગા, મા કાળી, મા અંબા, મા બહુચરા, મા ચામુંડા, મા ખોડિયાર, મા કાત્યાયિની વિગેરેની વિશેષ પૂજા થાય છે. પરંતુ શું આપણે નવરાત્રિ પર્વના તેમજ વિવિધ દેવિઓના સાચા આધ્યાત્મિક રહસ્યને જાણીને, તેના મર્મને અને મહત્વને સમજીને તેમજ પર્વના ગૌરવ ને જાળવીને યથાર્થ રીતે તેની ઉજવણી કરીએ છીએ? આજે જે રીતે આપણે આ પાવન પર્વની ઉજવણી કરીએ છીએ તે સંધર્ભમાં આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

સામાન્ય રીતે આજે નવરાત્રીના પર્વની ઉજવણી આપણે મહદઅંશે રાત્રિના મોડાસુધી રાસ-ગરબાની રમઝટ માણી, ફેશનેબલ વસ્ત્રો પહેરી, વિવિધ આભુષણો ધારણ કરી, વિવિધ સ્પર્ધાઓ યોજી, ભવ્ય મંડપો બાંધી, ખાણીપીણી કરીને કરીએ છીએ. આમાં ઘણી વખત મોજ મજાની સાથે સાથે વિલાસિતતા, વાસના, લોલુપતા તેમજ શુદ્ર વૃત્તિઓ પણ નજરે પડે છે. જે નવરાત્રીના મહત્વ, મર્મ, તેમજ ગૌરવ પર સીધા ઘા સમાન છે. એવા પણ લોકો છે જે નવરાત્રિ દરમ્યાન ઉપવાસ કરેછે, અનેક પ્રકારના વ્રત રાખે છે, દેવીઓના મંદિરોમાં દર્શન તેમજ પૂજા-અર્ચન માટે જાય છે, ઘરે પણ દેવીઓની આરાધના કરે છે. આ રીતે કરાતી નવરાત્રિની ઉજવણી બેશક ઉપર વર્ણવેલ ઉજવણીથી વધુ સાર્થક છે. પરંતુ જો આપણે નવરાત્રિ પર્વના સાચા આધ્યાત્મિક રહસ્યને જાણીને, તેના મર્મને અને મહત્વને સમજીને તેમજ પર્વના ગૌરવ ને જાળવીને યથાર્થ રીતે તેની ઉજવણી કરીશું તો ઉચ્ચ કક્ષાની સિદ્ધિઓને પ્રાપ્ત કરી શકીશું. આવો આ પર્વના કેટલાક આધ્યાત્મિક રહસ્યોને સમજવાનો પ્રયાસ કરીએ.

- મહિષાસુરનો વધ કરનારી મહાદુર્ગા એ વાસ્તવમાં જ્યોતિ સ્વરૂપ શિવ પરમાત્મા પાસેથી શક્તિ પ્રાપ્ત કરી આસુરી વૃત્તિ તેમજ આસુરી શક્તિ પર વિજય પ્રાપ્ત કર્યાનું પ્રતિક છે.
- વાઘ, સિંહ, મગર, જેવા ક્રૂર જંગલી પ્રાણીઓ પર દેવીઓને બેઠેલી બતાવવી એ પણ સાંકેતિક છે. વાઘ પર આરૂઢ મા જગદંબા, સિંહ પર આસનસ્થ મા દુર્ગા, મગર પર ઉભેલા મા ખોડિયાર એ માનવ જાતના મહાશત્રુ સમાન કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર આદિ વિકારો પર વિજય પ્રાપ્ત કર્યાની નિશાની છે.
- કમળ જેવા નાજુક આસનો પર સ્થિત શ્રી લક્ષ્મી તેમજ હંસ પર આસનસ્થ શ્રી સરસ્વતી એ નિર્મળ અને પવિત્ર જીવનનું પ્રતીક છે.
- મા દુર્ગા અર્થાત દુષ્કર્મો અથવા પાપકર્મોથી રક્ષણ કરનાર દિવ્ય શક્તિ છે. માનવીના સ્વભાવ-સંસ્કારમાં રહેલ ખામીઓ, ખોડ-ખાપણો, અને દુર્ગુણોનો નાશ કરનાર દિવ્ય શક્તિ ખોડિયાર તરીકે પૂજાય છે.
- દેવીઓના વિવિધ સ્વરૂપો ને વિવિધ શસ્ત્રોથી સજ્જ બતાવવામાં આવેછે જેમ કે ત્રિશુલ, તલવાર, ફરસી, ધનુષ્યબાણ, ખડગ,ગદા વગેરે. દેવીઓએ ધારણ કરેલા આ શાસ્ત્રો પણ સાંકેતિક છે. તેના વાસ્તવિક

આધ્યાત્મિક રહસ્યને જાણીશું તો વધુ લાભ થશે. વસ્તવમાં કળયુગના અંતે પરમાત્મા શિવે આપેલી જ્ઞાન,યોગ તેમજ ધારણાની શિક્ષાને આ શસ્ત્રો રૂપે બતાવમાં આવ્યા છે. જેનો ઉપયોગ કરી આ નવ દિવસ દરમ્યાન આપણે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા, માનવ જાતના દુશ્મનો સમાન, વિકારો પર વિજય પ્રાપ્ત કરવાનો છે અને પવિત્રતાને અપનાવવાની છે.

- દેવીઓને વિવિધ દુર્લભ વસ્ત્રો, અતિ મૂલ્યવાન અલંકારો તેમજ રત્નજડિત તાજ થી સજ્જ બતાવવામાં આવે છે. આનું રહસ્ય એ છે કે આપણે જ્યારે પરમાત્મા શિવની જ્ઞાન તેમજ યોગની શિક્ષા દ્વારા વિકારો ઉપર વિજય મેળવીએ છીએ, આપણા વિકર્મોનો વિનાશ કરીએ છીએ ત્યારે આપણે દેવત્વને પ્રાપ્ત કરી સર્વગુણ સંપન્ન તેમજ સર્વ રીતે સમૃધ્ધ બની જઈએ છીએ.
- કેટલી દેવીઓને, જેમકે દુર્ગા ના ચંદ્રઘંટા સ્વરૂપને ત્રણ આંખો બતાવવામાં આવી છે જે પરમાત્મા શિવે સંગમ યુગ પર આપેલા ત્રણે કાળના જ્ઞાનથી આપણે ત્રીનેત્રિ, ત્રિકાળદર્શી બનીએ છીએ તેનું પ્રતિક છે. આપણે જ્ઞાન રૂપી ત્રીજું નેત્ર પ્રાપ્ત કરીએ છીએ.
- કોઈ દેહધારી નારી શક્તિ યા દેવી દ્વારા રાક્ષસોનો સંહાર થયો હશે એમ માનવાને બદલે પરમાત્મા શિવની આરાધનાને પરિણામે આપણને પ્રાપ્ત થતી દિવ્ય શક્તિઓ દ્વારા આપણામાં રહેલી આસુરી વૃત્તિઓનો સંહાર થયો હશે તેવું માનવું તેમજ નવરાત્રીના પર્વ દરમ્યાન તેવું કરવું વધુ સાર્થક ગણાશે.
- પરમાત્મા શિવ વર્તમાન સમયે કળયુગી આસુરી શક્તિઓ ઉપર વિજય પ્રાપ્ત કરાવી સતયુગી દૈવી સૃષ્ટિનું સર્જન કરી રહ્યા છે. જેની યાદગાર નવરાત્રીનું મહાપર્વ છે. .

નવરાત્રીનું પર્વ ફક્ત દેવીઓની પૂજા માત્રાનો જ ઉત્સવ નથી પરંતુ નારીના માન-સન્માન તેમજ પ્રતિષ્ઠાને સ્થાપિત કરવાનું પર્વ છે. આજે જ્યારે નારી પર અનેક પ્રકારે અત્યાચાર ગુજારવામાં આવી રહ્યા છે, તેનું શોષણ થઈ રહ્યું છે ત્યારે આ ઉત્સવના સાચા રહસ્યને સમજી ઉજવવામાં આવે તો નારીની પ્રાતિષ્ઠાને પુનઃ સ્થાપિત કરી શકીશું. આ છે નવરાત્રીના પાવન પર્વની મહિમા અને મર્મ

સાર રૂપે નવરાત્રીના આ નવ દિવસ દરમ્યાન આપણે અંતરમુખી બની, વિકારોથી દુર રહી, પવિત્રતાને ધારણ કરી, સૌની સાથે પ્રેમ પૂર્વક વ્યવહાર કરી, પરમાત્મા શિવને યાદ કરી, વાસ્તવમાં આપણે જ શિવશક્તિ સ્વરૂપ ધારણ કરી વિઘ્નવિનાશક, વિજયી બનવાનું છે.

---- 0 ------ 0 ----